RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 11 * Issue No. 234 *Date: 14.06.2025,Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# ઈઝરાયલના હુમલામાં ૭૮ના મોત બાદ ભડક્યું ઈરાન, અમેરિકા સાથેની ’પરમાણુ વાર્તા’ રદ



ઈઝરાયલ દ્વારા ઈરાનની રાજધાની તેહરાન પર કરેલી એરસ્ટ્રાઈકમાં અત્યાર સુધીમાં ૭૮ લોકોના માત નીપજ્યા છે, જ્યારે ૩૨૯થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. ઈઝરાયલે ઈરાનના અનેક સરકારી-લશ્કરી ઠેકાણાઓ પર અત્યાર સુધીમાં ૫ તબક્કામાં હવાઈ હુમલા કર્યા છે. ઈઝરાયલી મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ હુમલાઓ આયોજનબદ્ધ કરવામાં આવ્યા હતા, જેમાં ૨૦થી વધુ ઈરાની સેનાના વરિષ્ઠ અધિકારીઓના મોત નીપજ્યા છે. જ્યારે હુમલાઓ પછી તરત જ ઈરાને ઔપચારિક રીતે યુનાઈટેડ સ્ટેટ્સ અમેરિકા સાથે ચાલી રહેલી પરમાણુ વાટાઘાટોમાંથી પાછળ હટવાની જાહેરાત કરી છે. ઈઝરાયલે ઈરાન પર વિમાન દ્વારા બોમ્બમારો કર્યો, જેમાં ઈઝરાયલે ઉત્તરી ઈરાનના તબ્રીઝ પર ૧૦ અલગ-અલગ સ્થળો બોમ્બમારો કર્યો હતો. ઈઝરાયલના અધિકારીએ ખુલાસો કર્યો હતો કે, તેમણે આ એરસ્ટ્રાઈક પહેલા જ હથિયારો અને ડ્રોન ઈરાન નજીક પહોંચાડ્યા હતા અને સમય આવતા તેના દ્વારા હુમલો કર્યો હતો. મીડિયા અહેવાલ મુજબ, ઈઝરાયલના હુમલામાં ઈરાની રિવોલ્યુશનરી ગાર્ડ્સના પ્રમુખ અને એરોસ્પેસ ફોર્સ કમાન્ડર અમીર અલી હાજીઝાદેહ સહિત ૨૦ ઈરાની કમાન્ડરના મોત નીપજ્યા હતા. તેહરાન પરના આ હુમલાઓ પછી તરત જ ઈરાને ઔપચારિક રીતે યુનાઈટેડ સ્ટેટ્સ અમેરિકા સાથે ચાલી રહેલી પરમાણુ વાટાઘાટોમાંથી પાછળ હટવાની જાહેરાત કરી છે. ઈરાની વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું કે, ‘આક્રમક અને ઉશ્કેરણીજનક કૃત્ય‘ પછી કોઈપણ વાતચીતનો આધાર બચ્યો નથી. આ અંગે ભૂતપૂર્વ યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને કહ્યું કે, જો ઈરાન સમાધાન કરવા માંગે છે તો તેમની પાસે હજુ પણ બીજી તક છે. આંતરરાષ્ટ્રીય વિશ્લેષકોએ આ નિવેદનને તણાવને વધુ ઉશ્કેરનાર ગણાવ્યું છે.

આ હુમલામાં ઈરાન ત્રણ મુખ્ય સેનાના અધિકારીઓના મોત થયા છે. જેમાં રિવોલ્યુશનરી ગાર્ડ્સના પ્રમુખ, રાજકિય યોજનાના પ્રમુખ અને ઈરાન એર ડિફેન્સ યુનિટના પ્રમુખ પણ સામેલ છે. આ પછી ઈરાનના સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેનેઈએ આ ત્રણેય પદો માટે નવી કાયમી નિમણૂકની ઘોષણા કરી છે. જોકે, તેમાં નામોને લઈને કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. પરંતુ મળતી માહિતી મુજબ, નિયુક્ત કરાયેલા તમામ અધિકારીઓ રિવોલ્યુશનરી ગાર્ડ સાથે સંકળાયેલા છે અને અગાઉ પશ્ચિમી દેશો સામે તેમના આક્રમક વલણ માટે જાણીતા છે.

સમગ્ર મામલે સંયુક્ત રાષ્ટ્રએ ગંભીર ચિંતા વ્યક્ત કરી અને બંને દેશોને ધીરજ રાખવા અપીલ કરી છે. જ્યારે રશિયા અને ચીને ૫મ ઈઝરાયલી કાર્યવાહીની ટિકા કરીને ઈરાન સાથે રહ્યું હતું. નિષ્ણાતોનું માનવું છે કે, આ હુમલો માત્ર એક સૈન્ય પ્રતિક્રિયા નથી, પરંતુ ભવિષ્ય માટે ગંભીર સંઘર્ષનો સંકેત છે.

## અમદાવાદ પ્લેન ક્રેશ: દુર્ઘટનામાં ચરોતરના ૫૦ લોકોના મોત, અનેક પરિવારના દીપ બુઝાયા



અમદાવાદમાં ગુરુવારે બપોરે સર્જાયેલી ગોઝારી વિમાન દુર્ઘટનાએ સમગ્ર ગુજરાતને શોકમાં ગરકાવ કરી દીધું છે. અમદાવાદ એરપોર્ટ પરથી લંડન જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ ટેકઓફ થયા બાદ ગણતરીની મિનિટોમાં જ ક્રેશ થઈ ગઈ હતી. આ વિમાનમાં ૨૪૨ મુસાફરો સવાર હતા, જેમાં સમગ્ર ગુજરાતના અનેક જિલ્લાઓમાંથી આવેલા લોકોનો સમાવેશ થતો હતો. ખાસ કરીને, ચરોતર પ્રદેશના આણંદ અને ખેડા જિલ્લામાંથી મોટી સંખ્યામાં લોકો આ દુર્ઘટનાનો ભોગ બન્યા હોવાનું સામે આવ્યું છે.મોડી સાંજ સુધી મળતી માહિતી મુજબ, ચરોતર પ્રદેશના આણંદ જિલ્લાના ૩૩ અને ખેડા જિલ્લાના અંદાજે ૧૭ જેટલી વ્યક્તિ આ ફ્લાઈટમાં મુસાફરી કરી રહ્યા હતા અને તેમના કરુણ મૃત્યુ થયા હોવાના અહેવાલો છે. તમામ મૃતકોના પરિવારજનો અમદાવાદ સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા, જ્યાં સરકાર દ્વારા DNA ટેસ્ટ સહિતની કાર્યવાહી શરૂ કરીને પોતાના સ્વજનોને શોધવાનો અને ઓળખવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.આણંદ જિલ્લા ભાજપે ૩૩ લોકોની યાદી જાહેર કરી છે જે આ પ્લેનમાં સવાર હતા. જોકે, ખેડા જિલ્લા પ્રશાસન મોડી સાંજ સુધી ઘટનામાં જિલ્લાના કેટલા લોકો શામેલ હતા તે અંગે પુષ્ટિ કરી શક્યું નથી. કઠલાલ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અને સમાજવાદી પાર્ટીમાંથી ભાજપમાં જોડાયેલા પ્રશાંત પટેલ પણ આ પ્લેનમાં હોવાની માહિતી મળી છે. આ તરફ નડિયાદ, ઠાસરા, મહેમદાવાદ, કઠલાલ સહિતના તાલુકાના વ્યક્તિઓ લંડન જવા નીકળ્યા હતા.આણંદ જિલ્લાના બોરસદ, ફાંગણી, ચિખોદરા, કરમસદ, સોજીત્રા, રામનગર, ખંભોળજ, ઉમરેઠ, કસુંબાડ, ગાના, તારાપુર અને આણંદ શહેર સહિતના વિસ્તારોના કુલ ૩૩ યાત્રિકો વિમાનમાં મુસાફરી કરી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે, જેમાં એક ડોક્ટર અને ૧૫ મહિલાઓનો સમાવેશ થાય છે.

આ દુર્ઘટનામાં અનેક હૃદયદ્રાવક કહાનીઓ સામે આવી છે. પેટલાદ તાલુકાના ફોગણી ગામનો નિખિલ પટેલ નામનો યુવક પણ પ્રથમ વખત સ્ટુડન્ટ વિઝા લઈને યુકે ભણવા માટે જઈ રહ્યો હતો, તેનું પણ આ પ્લેન દુર્ઘટનામાં નિધન થવા પામ્યું હતું. આણંદના હાલાણી પરિવારના ત્રણ સભ્યોનું પણ નિધન થયું હતું.

## વડોદરામાં વડી વાડી ફાયર સ્ટેશનમાં કચરાના ઢગલા : ગાડી નિયમિત આવતી નથી, પાણીની લાઈન લીકેજ

આકસ્મિક દુર્ઘટના સમયે સતત ૨૪ કલાક તૈનાત રહેતા વડી વાડી ફાયર બ્રિગેડ આસપાસ ગંદકીના ઢગલા જોવા મળી રહ્યા છે. આગામી દિવસોમાં ચોમાસું જ્યારે નજીક છે ત્યારે વરસાદમાં કચરો પલળતા ફેલાતી દુર્ગંધના કારણે ફાયર જવાનોના સ્વાસ્થ્ય કથળી શકે છે. જ્યારે છેલ્લા કેટલાય સમયથી પીવાના પાણીનું લીકેજ રીપેર કરવા પાલિકા તંત્ર સમક્ષ કરાયેલી રજૂઆતોનો હજી સુધી કોઈ નિકાલ આવ્યો નથી.

ઉલ્લેખનીય છે કે લોકોની જાન માલના રક્ષણ માટે અને આકસ્મિત દુર્ઘટના સમયે ફાયર બ્રિગેડના જવાનો સતત ખડે પગે રહે છે પરંતુ વડી વાડી ફાયર બ્રિગેડના સ્ટાફ માટે તંત્ર દ્વારા કોઈ દરકાર લેવામાં આવતી નથી. ફાયર સ્ટેશનની આસપાસ એકત્ર થતા કચરાના ઢગલા ઉપાડવા માટે દોડતું ડોર કલેક્શન ગાડી નિયમિત આવતી નહી હોવાના આક્ષેપો થયા છે. દસેક દિવસે મન ફાવે ત્યારે ડોર ટુ ડોર કલેક્શન ગાડી આવે છે. પરિણામે કચરાના ઢગલા સર્જાય છે. હવે આગામી દિવસોમાં વરસાદ પડશે ત્યારે આ કચરો ભીનો થવાથી ભારે દુર્ગંધ પહેલા છે અને મચ્છરજન્ય રોગચાળાનો ભોગ ફાયર બ્રિગેડનો સ્ટાફ બની શકે છે. આ ઉપરાંત ફાયર બ્રિગેડની તદ્દન નજીકમાં જ પીવાના પાણીની લાઈન છેલ્લા કેટલાય વખતથી લીકેજ છે પરિણામે



પાણીનો રોજિંદો વેડફાટ થાય છે. આ અંગે પાલિકા તંત્રમાં અગાઉ રજૂઆતો કરી હતી પરંતુ હજી સુધી આ સમસ્યાનો કોઈ નીવેડો આવ્યો નથી. સ્થાનિક કોર્પોરેટરો પણ જો અવારનવાર વડી વાડી ફાયર બ્રિગેડની મુલાકાતે આવે તો જરૂર સ્વચ્છતા જળવાય તેમ છે.

એક તરફ સ્માર્ટ સિટીની વાતો થાય છે શહેરમાંથી ગંદકી દૂર કરવાની પણ વાતો થાય છે અને શહેરને ચોખ્ખું રાખવાના સ્લોગન ઠેર ઠેર લખાયા છે કે છતાં પણ વોર્ડ નં.૮ની કચરા ગાડી આ વિસ્તારમાં નિયમિત આવે તેવી ફાયર બ્રિગેડ સ્ટાફની માગ છે.

## હવામાં ઉડ્યા પછી ગાયબ થઈ ગયા વિશ્વના આટલા વિમાન, આજ સુધી કોઈ પત્તો નથી મળ્યો

અમદાવાદમાં ગેઈકાલે સર્જાયેલી હૃદયદ્રાવક વિમાન દુર્ઘટનામાં સવાર ૨૪૧ લોકોના મોત થયા હતા. અમદાવાદથી લંડન માટે ઉડાન ભરેલાં વિમાન મેઘાણીનગર રહેણાંક વિસ્તારમાં એર ઈન્ડિયાનું વિમાન ક્રેશ થયું હતું. જેમાં સવાર ૨૪૨ લોકોમાંથી ૨૪૧ લોકોના મોત થયા છે. વિમાનમાં મૃત્યુ પામેલા લોકોમાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ નિધન થયું છે. સમગ્ર અકસ્માતમાં એક વ્યક્તિ બચી ગયો હતો, જેની સારવાર ચાલી રહી છે. પરંતુ આજે તમને એ વિમાનો વિશે વાત કરવી છે જે વિમાનોએ ઉડાન ભરી હતી પરંતુ હવામાં ગાયબ થઈ ગયા હતા જેની આજ સુધી કોઈ સંભાળ મળી નથી.

૧. વર્ષ ૨૦૧૪માં મલેશિયા એરલાઈન્સની ફ્લાઈટ MH૩૭૦ કુઆલાલંપુરથી બેઈજિંગ માટે ઉડાન ભરી હતી. આ વિમાનમાં કુલ ૨૩૯ મુસાફરો હતા. ઉડાન દરમિયાન તે વિયેતનામના હવાઈ વિસ્તારમાંથી પસાર થઈ રહ્યું હતું અને પછી તેનો સંપર્ક તૂટી ગયો હતો. જોકે, આજ દિવસ સુધી તેનો કોઈ પત્તો લાગ્યો નથી.

૨. ૧૯૬૨માં ફ્લાઈંગ ટાઈગર લાઈન ફ્લાઈટ ૭૩૯ ૯૩ અમેરિકન સૈનિકો અને ૧૧ ક્રૂ સભ્યો સાથે ઉડાન ભરી અને પેસિફિક મહાસાગરમાં ગાયબ થઈ ગયું હતું. આ ફિલિપાઈન્સ જઈ રહ્યું હતું. આ વિમાનનો પણ આજ દિવસ સુધી કોઈ પત્તો મળ્યો નથી.



૩. ૩૦ જાન્યુઆરી ૧૯૪૮ના રોજ બ્રિટિશ સાઉથ અમેરિકન એરવેઝનું વિમાન સ્ટાર ટાઈગર ૨૫ મુસાફરો અને ૬ ક્રૂ સભ્યો સાથે પોર્ટુગલના એઝોર ટાપુથી બર્મુડા માટે ઉડાન ભર્યું હતું, પરંતુ ત્યાં પહોંચતાની સાથે જ તેનો એર ટ્રાફિક કંટ્રોલ સાથે તેનો સંપર્ક તૂટી ગયો અને એ પછી આ વિમાન આજ દિવસ સુધી ક્યારેય જોવા મળ્યું નથી.

૪. આ અકસ્માતના એક વર્ષ પછી એટલે કે, ૧૭ જાન્યુઆરી ૧૯૪૯ના રોજ અમેરિકન એરવેઝનું વિમાન સ્ટાર એરિયલ ગાયબ થઈ ગયું. ૧૩ મુસાફરો ઉપરાંત, ૭ ક્રૂ સભ્યો આ વિમાનમાં સવાર હતા.

૫. ડિસેમ્બર ૧૯૪૫ના રોજ ફ્લોરિડામાં તેના બેઝ પરથી ૧૪ પાઈલટ્સ સાથે એક નિયમિત તાલીમ ફ્લાઈટે ઉડાન ભરી હતી, પરંતુ થોડા સમય પછી તેનો બેઝ સ્ટેશન સાથે સંપર્ક તૂટી ગયો. તેને શોધવા માટે એક વિમાન મોકલવામાં આવ્યું હતું, પરંતુ તેમ છતાં આજ દિવસ સુધી કંઈ મળ્યું ન હતું.૬. .૨ જુલાઈ ૧૯૫૫ના રોજ ફ્લાઈટ ૯૧૪ છ ન્યૂયોર્કથી મિયામી માટે ઉડાન ભરી હતી, પરંતુ આ વિમાન પણ હવામાં ગાયબ થઈ ગયું હતું. આ વિમાનમાં કુલ ૫૭ મુસાફરો સવાર હતા. જેનો આ દિવસ કોઈ પત્તો નથી.

## તંત્રી લેખ....

# મધ્ય-પૂર્વમાં યુદ્ધના જોખમે શેરબજાર કડડભૂસ, સેન્સેક્સમાં ૧૩૦૦ પોઈન્ટનું ગાબડું

મધ્ય-પૂર્વમાં યુદ્ધનું જોખમ વધતાં શેરબજાર આજે બીજા દિવસે કડડભૂસ થયા છે. સેન્સેક્સ આજે ઘટાડા તરફી ખૂલ્યા બાદ ૧૩૩૭.૩૯ પોઈન્ટ તૂટી ૮૦૩૫૪.૫૯ થયો હતો. જે બાદમાં ૧૧.૩૩ વાગ્યે ૭૧૦.૦૨ પોઈન્ટના ઘટાડે ૮૦૯૮૧.૯૬ પર ટ્રેડ થઈ રહ્યો હતો.

મધ્ય-પૂર્વમાં યુદ્ધની સ્થિતિ, ક્રૂડના ભાવમાં વધારો ઉપરાંત વૈશ્વિક સ્તરે આર્થિક વૃદ્ધિ દર મંદ રહેવાના અહેવાલો વચ્ચે વિદેશી રોકાણકારોએ સળંગ બીજા દિવસે વેચવાલી નોંધાવી છે. ગઈકાલે રાત્રે ઈઝરાયલે ઈરાનના પરમાણુ કેન્દ્રો અને સૈન્ય મથકોને ટાર્ગેટ બનાવતાં હુમલા કર્યા હતાં. ઈરાન હવે તેનો વળતો જવાબ આપવાની તૈયારી કરી રહ્યો હોવાના અહેવાલોથી યુદ્ધની સ્થિતિ વણસી શકે છે. આ વૈશ્વિક પડકારો વચ્ચે શેરબજારમાં મંદીનું જોર વધ્યું છે. નિફ્ટી આજે ૨૪૫૦૦નું લેવલ તોડ્યું હતું. જો કે, બાદમાં ૧૧.૩૦ વાગ્યે ૨૦૮.૯૦ પોઈન્ટના ઘટાડે ૨૪૬૮૧.૩૫ પર ટ્રેડ થઈ રહ્યો હતો.શેરબજારમાં મોટા કડાકાના પગલે બે દિવસમાં રોકાણકારોએ વધુ રૂ. ૯.૩૦ લાખ કરોડ ગુમાવ્યા છે. ગઈકાલે રૂ. ૫.૯૯ લાખ કરોડના ગાબડાં બાદ આજે વધુ ૩.૩૧ લાખ કરોડનું ધોવાણ બીએસઈ માર્કેટ કેપમાં જોવા મળ્યું છે. સેન્સેક્સ પણ ગઈકાલે ૮૦૦થી વધુ પોઈન્ટ તૂટ્યો હતો. બેન્કિંગ શેર્સમાં આજે વોલ્યૂમ સંકડાયા છે. એસબીઆઈ ૧.૮૪ ટકા, એચડીએફસી બેન્ક ૧.૧૭ ટકા, યસ બેન્ક ૧.૦૮ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૧.૦૫ ટકા ઘટાડે ટ્રેડ થઈ રહ્યો હતો.

# ઈઝરાયલ-હમાસ યુદ્ધઃ ગાઝા આરોગ્ય મંત્રાલયે જણાવ્યું છે કે અત્યાર સુધીમાં ૫૫,૦૦૦ થી વધુ પેલેસ્ટિનિયનો માર્યા ગયા છે



ગાઝા,

ગાઝા આરોગ્ય મંત્રાલય દ્વારા બુધવારે જાહેર કરાયેલા એક નિવેદનમાં જણાવાયું છે કે, ૨૦ મહિનાથી ચાલી રહેલા અવિરત ઈઝરાયલ-હમાસ યુદ્ધમાં ગાઝામાં મૃત્યુઆંક ૫૫,૦૦૦ ને વટાવી ગયો છે. આ ભયાનક આંકડો ૭ ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ શરૂ થયેલા સંઘર્ષમાં એક ભયાનક સીમાચિહ્નરૂપ છે, જ્યારે હમાસે દક્ષિણ ઈઝરાયલ પર અચાનક હુમલો કર્યો હતો. નોંધનીય છે કે, યુદ્ધનો અંત આવવાના કોઈ સંકેત દેખાતા નથી, કારણ કે વિનાશ ચાલુ છે. ગાઝાના હમાસ સંચાલિત વહીવટનો ભાગ પરંતુ સ્વતંત્ર તબીબી વ્યાવસાયિકો દ્વારા કાર્યરત આરોગ્ય મંત્રાલયે અહેવાલ આપ્યો છે કે લડાઈ શરૂ થઈ ત્યારથી ૫૫,૧૦૪ લોકો માર્યા ગયા છે અને ઓછામાં ઓછા ૧૨૭,૩૯૪ ઘાયલ થયા છે. અધિકારીઓને ડર છે કે ઘણા વધુ પીડિતો કાટમાળ નીચે અથવા એવા વિસ્તારોમાં દટાયેલા છે જ્યાં તબીબી કર્મચારીઓ પહોંચી શકતા નથી અથવા પહોંચવા માટે ખૂબ જોખમી છે.

મંત્રાલયે કહ્યું છે કે તે તેની સંખ્યામાં લડવૈયાઓ અને નાગરિકો વચ્ચે ભેદ પાડતું નથી, પરંતુ તેણે જણાવ્યું છે કે અહેવાલિત મૃત્યુમાં અડધાથી વધુ મહિલાઓ અને બાળકોનો હિસ્સો છે. આ આંકડા, જોકે ઈઝરાયલી અધિકારીઓ દ્વારા નિયમિતપણે પૂછપરછ કરવામાં આવે છે, સામાન્ય રીતે ભૂતકાળના સંઘર્ષોમાં સ્વતંત્ર નિરીક્ષકો અને માનવતાવાદી એજન્સીઓ દ્વારા ચકાસાયેલ આંકડાઓ સાથે સુસંગત છે.

ઈઝરાયલનું કહેવું છે કે તેના લશ્કરી કાર્યવાહી હમાસના આતંકવાદીઓને લક્ષ્યમાં રાખીને કરવામાં આવે છે અને નાગરિક જાનહાનિ માટે આતંકવાદી જૂથ પર જ દોષ મૂકે છે. ઈઝરાયલી અધિકારીઓ હમાસ પર ગીચ વસ્તીવાળા શહેરી વિસ્તારોનો ઉપયોગ ઓપરેશનલ બેઝ તરીકે કરવાનો આરોપ મૂકે છે, જેના કારણે નાગરિકો સીધા જ નુકસાનમાં મુકાય છે.

**ગાઝા તબાહ, સહાય પ્રયાસો સંઘર્ષ**

ઈઝરાયલી દળોએ ગાઝાના વિશાળ વિસ્તારોનો નાશ કર્યો છે, તેની વસ્તીના લગભગ ૯૦% લોકોને વિસ્થાપિત કર્યા છે અને તાજેતરના અઠવાડિયામાં દરિયાકાંઠાના પ્રદેશના અડધાથી વધુ ભાગને લશ્કરી બફર ઝોનમાં પરિવર્તિત કર્યો છે જેમાં હવે મોટાભાગે નિર્જન દક્ષિણ શહેર રફાહનો સમાવેશ થાય છે. હમાસ સાથે યુદ્ધવિરામ સમાપ્ત કર્યા પછી ઈઝરાયલ દ્વારા લાદવામાં આવેલી ૨.૫ મહિનાની નાકાબંધીથી દુષ્કાળનો ભય ઉભો થયો હતો અને મે મહિનામાં થોડો હળવો કરવામાં આવ્યો હતો. ઈઝરાયલ અને અમેરિકા દ્વારા સમર્થિત નવી સહાય પ્રણાલીના લોન્ચિંગમાં અરાજકતા અને હિંસાનો સમાવેશ થાય છે, અને યુએન કહે છે કે ઈઝરાયલી પ્રતિબંધો, કાયદો અને વ્યવસ્થાના ભંગાણ અને વ્યાપક લૂંટફાટને કારણે તેને ખોરાક લાવવામાં મુશ્કેલી પડી રહી છે.

**ઈઝરાયલ-હમાસ તણાવ ચાલુ છે**

ઈઝરાયલ હમાસ પર સહાય ચોરી કરવાનો આરોપ લગાવે છે, પરંતુ યુએન અને સહાય જૂથો આતંકવાદીઓને સહાયનું વ્યવસ્થિત રીતે ડાયવર્ઝન કરવાનો ઈનકાર કરે છે. હમાસને લશ્કરી રીતે મોટો આંચકો લાગ્યો છે, અને ઈઝરાયલ કહે છે કે તેણે

# બોઈંગનો કુખ્યાત ઈતિહાસઃ ૬ હજાર અકસ્માત, ૯ હજાર મોત, અમદાવાદ પ્લેન ક્રેશ બાદ ફરી ઉઠ્યા સવાલ



અમદાવાદમાં એર ઈન્ડિયાની ફ્લાઈટ છૈં૧૭૧ ક્રેશ થઈ જતાં અનેક વિમાનમાં સવાર ૨૪૧ લોકો માર્યા ગયાના સમાચાર છે. વિમાનમાં કુલ ૨૪૨ લોકો સવાર હતા, જેમાં બે પાઈલટ સહિત ૧૨ ક્રૂ મેમ્બર અને ૨૩૦ મુસાફરોનો સમાવેશ થાય છે. જેમાંથી માત્ર એક જ મુસાફર જીવતો બચી શક્યો. ક્રેશ થનાર વિમાન બોઈંગ કંપનીનું ‘ડ્રીમલાઈનર ૭૮૭’ હતું. આ કંઈ પહેલો કિસ્સો નથી જ્યારે બોઈંગ વિમાન ક્રેશ થયું હોય. આ અગાઉ પણ બોઈંગ વિમાનો ઘણી વખત ક્રેશ થયા છે, જેને લીધે આ વિમાનની સલામતી બાબતે પ્રશ્નો ઊઠી રહ્યા છે.

- ૨૯ ઓક્ટોબર, ૨૦૧૮ ના રોજ ઈન્ડોનેશિયામાં બોઈંગ ૭૩૭ ની ‘લાયન એર ફ્લાઈટ ૬૧૦’ ટેકઓફ પછી તરત જ જાવા સમુદ્રમાં ક્રેશ થતાં ૧૮૯ લોકોના મોત થયા હતા.

- ૧૦ માર્ચ ૨૦૧૯ ના રોજ બોઈંગ ૭૩૭ મેક્સ ૮ વિમાને ઈથોપિયાના બોલે ઈન્ટરનેશનલ એરપોર્ટથી કેન્યાના નૈરોબી જવા ઉડાન ભરી હતી. ટેકઓફના છ મિનિટ પછી તે ક્રેશ થઈ જતાં તેમાં સવાર તમામ ૧૪૯ મુસાફરો અને ૮ ક્રૂ સભ્યો મૃત્યુ પામ્યા હતા.

- ૫ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ અમેરિકાના પોર્ટલેન્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટથી ઉડેલી બોઈંગ ૭૩૭ ફ્લાઈટના વિમાનનો દરવાજાનો પ્લગ તૂટી જતાં વિમાનની અંદરનું દબાણ ખોરવાઈ ગયું હતું, જેને લીધે વિમાનને તાત્કાલીક લેન્ડ કરાવવું પડ્યું હતું. આ અકસ્માતમાં કોઈ જાનહાની નહોતી થઈ, પણ એ ગંભીર ક્ષતિએ બોઈંગના લેટેસ્ટ વિમાનોની સલામતી બાબતે પ્રશ્નો સર્જ્યા હતા.

આ તો થયા અત્યાધુનિક બોઈંગ ૭૩૭ વિમાનોના અકસ્માત. હવે જોઈએ બોઈંગના અન્ય કેટલાક ગંભીર અકસ્માતોની વિગતો.

- ૩ મે, ૨૦૨૫ ના રોજ બોઈંગનું કેન્યાથી ઉડેલું વિમાન સુદાનના ન્યાલા એરપોર્ટ પર તૂટી પડતાં ૨૦ લોકોએ જીવ ગુમાવ્યા હતા.

- ૨૯ ડિસેમ્બર, ૨૦૨૪ ના દિવસે બોઈંગની ‘જેજુ એર ફ્લાઈટ ૨૨૧૬’ દક્ષિણ કોરિયાના મુઆન ઈન્ટરનેશનલ એરપોર્ટ પર અકસ્માતગ્રસ્ત થઈ હતી. એ દુર્ઘટનામાં ‘બેલી લેન્ડિંગ’ થતાં વિમાન કોંક્રિટના પાળા સાથે અથડાયું હતું, જેના કારણે વિમાનમાં સવાર ૧૮૧ માણસોમાંના ૧૭૯ માર્યા ગયા હતા. - ૯ જાન્યુઆરી, ૨૦૨૧ના દિવસે બોઈંગની ‘શ્રીવિજયા એર ફ્લાઈટ ૧૮૨’એ ઈન્ડોનેશિયાના જકાર્તાથી ઉડાન ભરી હતી. ૧૦,૯૦૦ ફૂટની ઊંચાઈએ પહોંચ્યા પછી એન્જિનમાં ખરાબી સર્જાતાં વિમાન તૂટી પડ્યું હતું અને ૬૨ લોકોના મોત થયા હતા.

- ૧૯ માર્ચ, ૨૦૧૬ના રોજ ‘ફ્લાયદુબઈ ફ્લાઈટ ૯૮૧’ દુબઈથી રશિયા જઈ રહી હતી ત્યારે ખરાબ હવામાનને કારણે ક્રેશ થઈ ગઈ, જેમાં વિમાનમાં સવાર તમામ ૬૨ લોકો માર્યા ગયા.અત્યાધુનિક ટેક્નોલોજીથી સજ્જ બોઈંગ ૭૩૭ મેક્સ વિમાનો પણ ક્રેશ થઈ રહ્યા હોવાથી તેની તપાસ કરવામાં આવી ત્યારે ‘મેન્યુવરિંગ કેરેક્ટરિસ્ટિક્સ ઓગમેન્ટેશન સિસ્ટમ’ (સ્ઝ્રછજી) સંબંધિત સમસ્યા બહાર આવી હતી. આ સિસ્ટમના ઉપયોગથી મેન્યુઅલ લેન્ડિંગ પરની નિર્ભરતા ઓછી થઈ ગઈ હતી, પણ પાયલટ્સને તેના વિશે વધુ માહિતી આપવામાં આવી ન હતી. ૨૦૧૮ ના ઈન્ડોનેશિયાના અને ૨૦૧૯ ના બોઈંગ ૭૩૭ વિમાન અકસ્માત બાદ આ શ્રેણીના વિમાનોનું સંચાલન બંધ કરવામાં આવ્યું હતું. એ પછી તેને અપડેટ કરીને બોઈંગ ૭૩૭-૮૦૦ ના નામથી કાર્યરત કરવામાં આવ્યું હતું.અમદાવાદ બોઈંગ અકસ્માત પહેલાના આંકડા જોઈએ તો આજ સુધીમાં બોઈંગ વિમાનોને વિશ્વભરમાં લગભગ ૬,૦૦૦ અકસ્માત નડ્યા છે.

# સંત વિજયદાસજી સેવાશ્રમ ટ્રસ્ટ ડાકોર દ્વારા વિનામૂલ્યે અને રાહતદારે ચોપડા વિતરણ



ડાકોરસ્થિત સંત વિજયદાસજી સેવાશ્રમ ટ્રસ્ટ દ્વારા માતા કે પિતા ની છત્રછાયા ગુમાવનાર અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું.જેમાં ડાકોર,અને ડાકોરના આસપાસ ગામડાના લગભગ ૭૦૦ જેટલા વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો. અને આશરે ૧૦૦૦ વિદ્યાર્થીઓએ રાહતદારે લાભ લીધો હતો.પૂજ્ય વિજયદાસજી મહારાજ દ્વારા આ સેવાકાર્યમાં ભાવેશભાઈ પટેલ,મધુબેન પ્રજાપતિ,સરોજબેન પટેલ,પૂનમચંદ બજાજ,હેમંતભાઈ દેસાઈ વગેરે દ્વારા સેવા કરવામાં આવી હતી.કાર્યક્રમને સફળ બનાવવા વિષ્ણુભાઈ પટેલ ,મિતુલ પટેલ ,ભીખાભાઈ ભોઈ વગેરેએ ભારે જહેમત ઉઠાવી હતી.

# જાપાન ટૂર ડે ૮





નાસ્તો કર્યા પછી, અમે ફરવા માટે ક્યોટો ગયા.

ક્યોટો દેશના કાન્સાઈ ક્ષેત્રમાં આવેલું છે. તેની વસ્તી ૧.૪ મિલિયન લોકોની છે, જે જાપાનનું સાતમું સૌથી મોટું શહેર છે. ક્યોટોમાં જાપાનના ઘણા રાષ્ટ્રીય ખજાના છે, જેમાં ૨,૦૦૦ થી વધુ મંદિરોનો સમાવેશ થાય છે. તે ૭૯૪ થી ૧૮૬૮ સુધી રાજધાની શહેર અને સમ્રાટનું નિવાસસ્થાન હતું.

તે અસંખ્ય બૌદ્ધ મંદિરો, શિન્ટો મંદિરો, મહેલો અને બગીચાઓનું ઘર છે, જેમાંથી કેટલાકને યુનેસ્કો દ્વારા સામૂહિક રીતે વિશ્વ ધરોહર સ્થળ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. અગ્રણી સીમાચિહ્નોમાં ક્યોટો ઈમ્પીરીયલ પેલેસ, કિયોમિઝુ-ડેરા, કિન્કાકુ-જી, ગિન્કાકુ-જી અને ક્યોટો ટાવરનો સમાવેશ થાય છે.પહેલો સ્ટોપ કિન્કાકુજી મંદિર હતો, જે ગોલ્ડન પેવેલિયન તરીકે ઓળખાય છે. તે જાપાનના સૌથી પ્રતિષ્ઠિત સીમાચિહ્નોમાંનું એક છે અને યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ છે. ઘણી વખત બળી ગયા પછી તેનું પુનર્નિર્માણ કરવામાં આવ્યું છે. હાલની ઈમારતનું પુનર્નિર્માણ ૧૯૫૫માં કરવામાં આવ્યું હતું કિન્કાકુ-જી એક ઝેન બૌદ્ધ મંદિર છે જે મૂળ ૧૪મી સદીમાં શોગુન આશિકાગા યોશિમિત્સુ દ્વારા બનાવવામાં આવ્યું હતું. મંદિરના ઉપરના બે માળ સંપૂર્ણપણે સોનાના પાનથી ઢંકાયેલા છે, જેના કારણે તેને ×ગોલ્ડન પેવેલિયન× ઉપનામ મળ્યું છે. આ રચના એક સુંદર બગીચામાં સ્થિત છે જેમાં પ્રતિબિંબિત તળાવનો સમાવેશ થાય છે, જે આકર્ષક દ્રશ્ય અસર બનાવે છે, ખાસ કરીને જ્યારે સૂર્ય સોનેરી સપાટી પર પડે છે.અમે તાજમહેલ એવરેસ્ટ રેસ્ટોરન્ટમાં બપોરનું ભોજન કર્યું.

બપોરના ભોજન પછી અમે અરશિયામા બામ્બૂ ફોરેસ્ટની મુલાકાત લીધી, જે જાપાનના સૌથી પ્રતિષ્ઠિત સ્થળોમાંનું એક છે. તે એક ગાઢ વાંસનું જંગલ છે જે અનેક રસ્તાઓ પર ફેલાયેલું છે, જેમાં ૩૦ મીટર (લગભગ ૯૮ ફૂટ) ઊંચા વાંસના ડાળાઓ છે. જ્યારે તમે જંગલમાંથી પસાર થાઓ , ત્યારે તમે લહેરાતા વાંસ અને પાંદડાઓના નરમ ખડખડાટથી ઘેરાયેલા હો છો ત્યારે જે આહલાદકતા અનુભવો છો જે શાંત, લગભગ ધ્યાનનો અવાજ બનાવે છે. હવા તાજી લાગે છે, અને વાંસના દાંડીઓમાંથી સૂર્યપ્રકાશ ફિલ્ટર કરીને સમગ્ર ગ્રુવને લીલો, જાદુઈ ચમક આપે છે. તે એક વિસ્મયકારક અનુભવ હતો . અમારું આગામી સ્ટોપ ફુશિમી ઈનારી મંદિર હતું. તે તેના હજારો તેજસ્વી લાલ ટોરી દરવાજા માટે પ્રખ્યાત છે, જેને સેનબોન ટોરી (×હજારો ટોરી દરવાજા×) તરીકે ઓળખવામાં આવે છે, જે મંદિરની પાછળ પર્વત પર મંત્રમુગ્ધ કરનારા રસ્તાઓ બનાવે છે. આ દરવાજા ચોખા, કૃષિ અને સમૃદ્ધિના શિન્ટો દેવ, ઈનારીને સમર્પિત છે. જ્યારે અમે માઉન્ટ ઈનારી પર ટોરી ગેટ્સના વળાંકવાળા રસ્તાઓમાંથી પસાર થયાં, ત્યારે દરેક દરવાજા વ્યક્તિઓ અથવા કંપનીઓ દ્વારા દાનમાં આપવામાં આવ્યા છે, અને તેમાંથી ઘણા દરવાજા પાછળ દાતાનું નામ લખેલું છે.ઈનારી દેવતાઃ આ મંદિર કામી (આત્મા) ઈનારીને સમર્પિત છે, જેને ઘણીવાર શિયાળ સાથે દર્શાવવામાં આવે છે, જેને સંદેશવાહક માનવામાં આવે છે. અમે રસ્તામાં ઘણી શિયાળની મૂર્તિઓ જોઈ, ઘણીવાર તેમના મોંમાં ચાવી પકડીને, ચોખાના ભંડાર ખોલવા માટે માનવામાં આવે છે. અમારામાંથી કેટલાક પર્વતની ટોચ પર ગયા અને કેટલાક અડધા રસ્તેથી પાછાં ફરી ગયા. અમે ઘણા ટોરી ગેટ જોયા જે આધ્યાત્મિક પ્રતીકવાદ ધરાવે છે. દરવાજા માનવ દુનિયાથી આધ્યાત્મિક દુનિયામાં સંક્રમણનું પ્રતિનિધિત્વ કરે છે, અને તેઓ માને છે કે તેમાંથી પસાર થવું એ દૈવીની નજીક જવાનું પ્રતીક છે. માઉન્ટ ઈનારીની અમારી મુલાકાત પછી, અમે યોગી રેસ્ટોરન્ટમાં રાત્રિભોજન કર્યું,

સપના વિજાપુરા

ન્યૂઝ ઓફ ગાંધીનગર
દૈનિક સાહિત્ય સરિતા-
આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO. 215**
વિષય : ''ફાધર્સ ડે "
શીર્ષક : " સો સો વંદન "
પ્રકાર : પદ્ય, શબ્દો : ૭૬.

એ પરમ પિતાને, સો સો વંદન.
દુઃખ દર્દ સહી જેણે કર્યુ જતન,

પાળી પોષીને જેણે મોટા કર્યા,
રહી ભૂખ્યા, અમારા પેટ ભર્યા,

સર્વ સુખોનું જેણે કર્યુ સર્જન,
એ પરમ પિતાને, સો સો વંદન.

ખભે બેસાડીને, દુનિયા બતાવી,
માંગ્યું સઘળું હાથમાં ધર્યું લાવી,

સંસ્કારોનું જેમણે, કર્યુ સિંચન,
એ પરમ પિતાને, સો સો વંદન.

લાખો કષ્ટો વેઠી, પગભર કર્યા
ભણાવી ગણાવીને સદ્ધર કર્યા,

શુભાશિષથી જેના થયા કુંદન,
એ પરમ પિતાને, સો સો વંદન.

શ્યામ ગોયાણી 'શ્યામ'
શિવેન્દ્રનગર (હાલ સુરત)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO-162**
વિષય - ફાધર્સ ડે
શીષઁક- મારા પિતા જેવું કોઈ નહી
પ્રકાર- પધ , શબ્દ -૧૦૦

"શીતળ છાંયે બેસાડી પોતે તપતા રે
બહાર કઠોર અંદર થી કોમળ એ પિતાજી મને કેમ વિસરે રે
" વહાલ ખજાનો લુટાવી દે કદી ન મારે સાંકળ પપ્પા તમને દરિયો કહું કે કહું ગમતીલુ વાદળ.
" ધરતી જેવી ધીરજ આપી આકાશ જેવી ઉચાઈ જીદગીને તરાશીને ભગવાને તશવીર બતાવી.
"પપ્પા આપણા બધા દુઃખ પોતે સહન કરીલે છે એવી જીવતી જાગતી પ્રતિમાને આપણે પિતા કહી શકીએ
" શિયાળે ધૂજતા ઉનાળે તપતા ચોમાસે ભીંજાતા મહેનત ખૂબ કરી કદી ન માંગ્યો વેદનાનો ટેકો
" સંઘર્ષ શબ્દ નો અર્થ પોતાના પિતા પાસેથી શીખો અને સમજો તેમના આશીર્વાદથી જ આપણને દરેક ક્ષેત્રમાં સફળતા મળે છે
" આ સંસાર મા આપણા માટે ભગવાન નું જ રુપ છે દુનિયાનું સૌથી ભારે શબ્દોનું માન ધરાવતુ એટલે
" બાપ "
- રેખા રસિક નાકરાણી મુંબઈ -

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 400**
વિષય:-"ફાધર્સ ડે"
શિર્ષક :-'પપ્પા '
પ્રકાર:-પદ્ય. શબ્દો:૬૧

પપ્પાપ.
આત્મવિશ્વાસ પ.
હિંમતપ.
સમજણ નો દરિયો
મને જેણે પ્રેમ થી,વહાલ થી ભરીયો.

જીવન ના પાઠપ
જીવન નું કૌશલ્યપ
જીવન નું શિક્ષણપ
બધું દ ઈ ને ઘડ્યો..

ચિંતા નહોતી કશાયનીપ
પરવા નહોતી કશાયનીપ
હંમેશાં ઉપાડ્યોપ
જયારે હું પડ્યો.

નાની વાત હોય કે હોય ગંભીર હાલાત..
સુખ મળ્યું ત્યારેપ.
જ્યારે એમની પાસે જ ઈ રડયોપ

ઈશ્વર નો આભારપ
માનું વારંવારપ
કે મને તમારો પડછાયો સાંપડ્યોપ
??માલા કકકડ.મોરબી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOGSS NO 385***
★વિષય:-★ફાધર્સ ડે
★શીર્ષક:- પપ્પા★ ★જીવે★ ★છે★ ★હૈયામાં★
★પ્રકાર:-★ ★અછાંદસ★ ★ગઝલ★
★શબ્દો:- ૯૬★

એ લટકે છે હવે દીવાલ પર તસવીર બનીને,
વિતાવ્યું જીવન કઠિન, મારી તકદીર બનીને.

ઈચ્છાઓ ખુદની અવગણી પરિવાર કાજે,
અમારી ખુશીઓ માટે જીવ્યા ફકીર બનીને.

પરિવાર માથે જ્યાં, કોઈ સંકટ આવી ગયું,
ઝઝૂમ્યા જગત સામે એ એકલવીર બનીને.

સીંચ્યા સંસ્કાર અને જ્ઞાન આપ્યું જિંદગીનું,
જીવનનો સન્માર્ગ બતાવ્યો રાહગીર બનીને.

પોતાને માટે તો એ ક્યાં કદી વિચારતા હતા!
સૌના શ્રેય માટે એ વિચારતા ગંભીર બનીને.

પપ્પા હૈયામાં જીવે છે હજી અને એ વસે છે,
અમારી હસ્તરેખામાં ભાગ્યની લકીર બનીને.

મનને મળતી શાંતિ જ્યારે કહેતા "હું છું ને",
દુઆઓ એ કામ લાગતી અકસીર બનીને.

ના કહેશો મને, પપ્પા હવે નથી રહ્યા 'સનમ',
બિરાજે એ દિલમાં હવે, આલમગીર બનીને.

★મુકુલ★ ★દવે★ ★"સનમ"★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**[NOG SS NO:209**
વિષય- ફાધર્સ ડે. શિર્ષક- મીઠી છાયા. પ્રકાર- અછાંદસ. શબ્દો- ૧૫૦

પિતાનાં ત્યાગનાં મૂલ થાય નહીં
બાળકોનાં ભવિષ્યને ઉજળું કરવાં, વેઠતાં અંધારાં,શું મૂલ કરશું આપણે એ પાલનહારનાં.

સંસારમાં જેની છત્રછાયામાં નિર્ભય થઈને બચપન ઉછરતું,
ન થવાં અહેસાસ કયારેય,પોતાની ભીડનો.

ન બાળો કાળજાં,એ દેવતુલ્ય બાપનાં, એમનાં જ આશિષ થકી સંકટો સર્વ ટળી જાતાં.

'સ્વધા' ન હોય દિન એક પૂરતો,પિતૃ ઋણ ચૂકવવાનો,
જીવન પણ આપી દો તો પણ, ન ચૂકવાતું ઋણ કદી એ.

સુધા પુરોહિત, ' સ્વધા'
હોનોલુલૂ હવાઈ અમેરિકા.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 384**
વિષય:-"ફાધર્સ ડે"
શિર્ષક : ★પિતા★
પ્રકાર:-પદ્ય. શબ્દો:૧૩૦

સૌની લાગણીઓને સમજે,
પણ એને કોઈના સમજે તે પિતા.
કપડાં સૌના પહેલા ખરીદી થાય,
મારે હમણાં ચાલશે તે પિતા.
દરેક માગણીને હંમેશા પૂરી કરે,
પોતાની માગણી કયારેય ન કરે તે પિતા.
પા પા પગલી ચલાવે આંગળી પકડી,
હિંમત આપે ખુબ તે પિતા.
૧૨ કલાક નોકરી કરે રોજ,
આખી રાત ઓશિકું ભીંજાય તે પિતા.
બેંક બેલેન્સનું વિચારવાનું નહીં,
ઘરમાં બેલેન્સ રાખે તે પિતા.
પડછાયો બની સદા સાથે હોય,
ગેરહાજરી ન વર્તાય તે પિતા.
સંતાનો માટે જાત ઘસી,
દિવાલની જેમ ચણતર કરે તે પિતા.
માન મરતબો અને મોભો ન મળે,
હસતા મોઢે સહન કરે તે પિતા.
પ્રેમ અને વાત્સલ્ય કયાં શોધે,
દુઃખ માં જ સુખ શોધી લેવાનું તે પિતા.
બહાર કે ઘરમાં સર્વત્ર,
રોજ સૌના કકળાટ સાંભળે તે પિતા.
જીવનમાં સદા આપવા ટેવાયેલ, પરિવાર માટે જાત સોંપીદે તે પિતા.

?? ★ડૉ સતિષ એસ. પટેલ "પ્રકૃતિ રક્ષક" અમદૌવાદ.★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO: 382**
વિષય :- "ફા ધર્સ ડે"
શીર્ષક :- પિતા તમે તો જીવનભાષા...
પ્રકાર :- પદ્ય, શબ્દ:- ૧૫૦
પ
? પિતા તમે તો જીવનભાષા...

હૈયે સમરું હરખ કહાણી,
પિતા વાત જ તમારી ન્યારી.
મુખી ગામના, ગૌરવ ખ્યાતિ, કોટ પહેરણને માથે કાળી ટોપી,
ગ્રામ્યસંસ્કૃતિ,ખેતીવાડી, સ્વાધીનતા સંગ્રામની આદરવંતી પેઢી.

પિતા તમે તો જીવન ભાષા
પુસ્તક પ્રેમી વડલા છાયા.
તમે શ્રીફળસા છો પિતાશ્રી, સૂરજ સમ દીઠી શાખ તમારી,
કંટકમાં પુષ્પ થઈ ખીલવાની, અડગ મનોબળ વાત દિલેરી.

ચરણ વંદના કરતાં સ્મરું,
જીવન જીવી ગયા રે હીરલું !
ઝીલી ગાંધી વલ્લભ વિચાર ધારા, પઢાવ્યા પ્રેમ વિનય વ્યવહારા,
દીકરા દીકરી ભણાવી પરણાવી, દીધાં સ્મરણ કોડીલાં મધુરાં.

ભૂદાન પંથી, સર્વોદયનું ગાણું
ભીતર ઝગે પૂનમ અજવાળું.
યાદ કરું શૈશવની શેરી, ચોર ડાકુઓની ભીતી ભારે.
ફરે રોન ભરી બંધૂક જ રાતે, દોટ સદા ઝંઝાવાતો સામે.

પિતૃવંદના કરે ''આકાશદીપ'', મૂકસેવક દાદાના હમરાહી,
ધન્ય! જીવન જીવી ગયા મહિસાના ઝવેરભાઈ મુખી.

રમેશ પટેલ(આકાશદીપ) કેલિફોર્નિયા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**: NOG SS No : 351**
વિષય: પિતા
શીર્ષક: ઠાઠ કરતાતા
પ્રકાર: પદ્ય શબ્દ:૯૦
હા! એ વ્યક્તિ છે મારા મનમાં જે ઠાઠ કરતો તો,
હંમેશા દુઃખમાં સુખી રહ્યાનો ઢોંગ કરતો તો.

હંમેશા દર્દમાં પીડાતા, તોય હસવાનો ઢોંગ કરતો તો.
ખાટલી એ બેસીને ટીવી જોતા જોતા મલકવાનો ઠાટ કરતો તો.

દાતે પેરુ ખાતા ખાતા દાંત હોવાનો ઢોંગ કરતો તો.
ઝીણું ઝીણું વાંચી બતાવે અખબાર વાંચવાનો રોબ કરતો તો.

એકલા એકલા મૂંઝાતા, પણ સાથે
આભાર - નિહારીકા રવિયા રહેવાનો ઢોંગ કરતો તો.
એક અજાણ્યા ખાલીપામાં કલાને રોજ યાદ કરતો તો.

ક્યારેક ખુલ્લી આંખે ક્યારેક બંધ રાખે જીવન જીવવાનું ઠાઠ કરતો તો.
પિતા! જીવનમાં ઠાઠ કરતાં થા.
જયશ્રી વાઘેલા (મુંબઈ)

# ઓસ્ટ્રિયન સ્કૂલ શૂટર ઓનલાઇન શૂટિંગ ગેમ્સનો ચાહક હતો




ગ્રાઝ,
ઑસ્ટ્રિયાની સૌથી ખરાબ શાળા ગોળીબારીને અંજામ આપનાર ૨૧ વર્ષીય વ્યક્તિ ઑનલાઈન શૂટિંગ રમતોનો અંતર્મુખી ચાહક હતો, એમ ગુનાહિત તપાસકર્તાઓએ ગુરુવારે જણાવ્યું હતું.

સ્થાનિક મીડિયા દ્વારા ઓળખ કરાયેલા ઑસ્ટ્રિયન વ્યક્તિ, જેની ઓળખ આર્થર એ. તરીકે કરવામાં આવી છે, તેણે મંગળવારે દક્ષિણ શહેર ગ્રાઝમાં તેની ભૂતપૂર્વ હાઈ સ્કૂલમાં ગોળીબાર કરતા ૧૦ લોકોની હત્યા કરી હતી, જેના કારણે સમગ્ર ઑસ્ટ્રિયામાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી, જેના કારણે ઑસ્ટ્રિયામાં ત્રણ દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કરવામાં આવ્યો હતો.

સ્ટાયરિયા રાજ્યની રાજધાની ગ્રાઝમાં ગોળીબાર બાદ તેના ઘરની તપાસ દરમિયાન પોલીસને બોમ્બ હુમલાની નકામી યોજનાઓ અને એક બિનકાર્યક્ષમ પાઈપ બોમ્બ મળ્યો હતો.પોલીસ હજુ પણ હેતુ સ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહી છે, પરંતુ સ્ટાયરિયાના ગુનાહિત તપાસ કાર્યાલયના વડા માઈકલ લોહનેગરે જણાવ્યું હતું કે તારણો દર્શાવે છે કે તે વ્યક્તિ ખૂબ જ અંતર્મુખી હતો અને તેનો મહાન જુસ્સો ઑનલાઈન ફર્સ્ટ-પર્સન શૂટિંગ ગેમ્સ હતો.

×તે ખૂબ જ એકાંત જીવન જીવતો હતો, તે વાસ્તવિક દુનિયામાં બહારના સામાન્ય જીવનમાં ભાગ લેવા માંગતો ન હતો, તે વર્ચ્યુઅલ અવકાશમાં જવાનું પસંદ કરતો હતો,× લોહનેગરે પત્રકારોને જણાવ્યું.

પોલીસે જણાવ્યું હતું કે શાળામાં થયેલી હિંસા લગભગ સાત મિનિટ ચાલી હતી અને હુમલો શરૂ કર્યાના લગભગ ૧૦ મિનિટ પછી તે વ્યક્તિએ શૌચાલયમાં માથામાં ગોળી મારી દીધી હતી.થોડી મિનિટો પહેલા, તે વ્યક્તિ રકસેક સાથે શાળામાં પ્રવેશ્યો, પછી તેના હુમલાની તૈયારી માટે બાથરૂમમાં ગયો.પોલીસે જણાવ્યું હતું કે, તેણે શિકારની છરી સાથે હથિયારનો પટ્ટો પહેર્યો હતો, ગોળીબારના ચશ્મા અને હેડસેટ પહેર્યા હતા અને ગ્લોક પિસ્તોલ અને કરવતથી બનેલી શોટગનથી પોતાને સજ્જ કર્યા હતા.લોહનેગરે જણાવ્યું હતું કે તેણે શાળાના બીજા અને ત્રીજા માળે લોકો પર આડઅસર ગોળીબાર કર્યો હતો, તેણે હુમલો કરેલા વર્ગખંડોમાંથી એકના દરવાજાના તાળા તોડી નાખ્યા હતા.

# પિતાની અંતિમ વિધિ કરવા લંડનથી આવેલા પુત્રનું મોત, ૧૫ દિવસ પહેલાં જ ગુમાવી હતી પિતાની છત્રછાયા

અમદાવાદમાં ગુરુવારે સર્જાયેલી વિમાન દુર્ઘટનાએ સૌ કોઈને હચમચાવી દીધા છે. આ દુર્ઘટનામાં રામોલના રહેવાસી ૩૦ વર્ષીય લોરેન્સ ડેનિયલ ક્રિશ્ચિયનનું મૃત્યુ થયું છે. લોરેન્સ બે અઠવાડિયા પહેલા પિતાનું અવસાન થતાં અમદાવાદ પરત ફર્યો હતો. જોકે, પિતાના મૃત્યુને મહિનો પણ નહતો થયો અને લોરેન્સનું વિમાન દુર્ઘટનામાં દુઃખદ મોત થયું છે.

મળતી માહિતી મુજબ, લોરેન્સ પરિવારનો એકમાત્ર દીકરો હતો અને છેલ્લા દોઢ વર્ષથી તે લંડનમાં રહેતો હતો. અહીં તે ઉચ્ચ શિક્ષણ સાથે નોકરી કરી રહ્યો હતો. તે પોતાની સાથે પત્ની આયુષીને પણ લંડન લઈ ગયો હતો. બંને ત્યાં વિદેશમાં ભવિષ્ય બનાવવાના સપના જોતા હતા અને પરિવારને પણ ટૂંક સમયમાં લંડન બોલાવી લેવાની યોજના હતી.

પરિવારના સભ્યોના જણાવ્યા અનુસાર, લોરેન્સ ૩૧ મેના દિવસે અમદાવાદ પહોંચ્યો હતો અને પિતાની અંતિમ વિધિમાં હાજરી આપી હતી. લોરેન્સના પિતાનું મૃત્યુ ૨૯ મેના દિવસે થયું હતું. જોકે, પિતાના મૃત્યુના ૧૫ દિવસ બાદ પરિવારે ઘરની બીજી એક મહત્ત્વની વ્યક્તિ ગુમાવવી પડી હતી. ગુરુવારે લંડન જવા નીકળેલી એર ઈન્ડિયાની ફ્લાઈટ ક્રેશ થતાં લોરેન્સનું તેમાં મૃત્યુ થયું હતું. લોરેન્સે ફ્લાઈટ ટેક ઑફ થાય તેની થોડીવાર પહેલાં જ વીડિયો કૉલ કર્યો હતો. જોકે, પરિવારને બહુ પાછળથી આ દુર્ઘટના વિશે જાણ થઈ હતી.

લોરેન્સની માતાએ જણાવ્યું કે, પતિના મોતના દુઃખથી માંડ હું ઉભરી રહી હતી, ત્યાં મારો દીકરો મારી પાસેથી છીનવાઈ ગયો. પારિવારિક સંબંધોથી બંધાયેલો અને ઊંચી મહત્ત્વકાંક્ષા ધરાવતો મારો દીકરો પળવારમાં છીનવાઈ ગયો. હજુ તો અમે એક દુઃખમાંથી પૂરા બહાર પણ નથી

# ટ્રમ્પે તેમના જન્મદિવસની પરેડમાં વિરોધ કરવાની યોજના બનાવનારા કોઈપણને કડક ચેતવણી આપી

વોશિંગ્ટન,
૧૪ જૂને વોશિંગ્ટન, ડીસીમાં યોજાનારી આર્મી ડે પરેડ પર વહીવટીતંત્રના સરમુખત્યારશાહી વર્તનને પડકારવા માટે દેશવ્યાપી વિરોધ પ્રદર્શનનો ભય છે. ઓવલ ઓફિસમાં પત્રકારો સાથે વાત કરતા, તેમણે મંગળવારે (૧૦ જૂન) કહ્યું, અમે શનિવારે મોટી ઉજવણી કરીશું. જો કોઈ વિરોધીઓ બહાર આવવા માંગે છે, તો તેમનો સામનો ખૂબ જ મોટી તાકાત સાથે કરવામાં



આવશે. આ એવા લોકો છે જે આપણા દેશને નફરત કરે છે.ધ્વજ રાષ્ટ્રપતિ ટ્રમ્પનો નથી. તે આપણો છે. આપણે ઈતિહાસ બનતો જોઈ રહ્યા નથી. આપણે તે કરી રહ્યા છીએ. ૧૪ જૂને, આપણે દરેક જગ્યાએ દેખાઈ રહ્યા છીએ જ્યાં તે નથી - કહેવા માટે કે કોઈ સિંહાસન નથી, કોઈ તાજ નથી, કોઈ રાજા નથી, નો કિંગ્સ પરેડની સત્તાવાર વેબસાઈટ કહે છે - ઈન્ડિવિઝિબલ અને ૫૦૫૦૧ ચળવળ (૫૦ રાજ્યો, ૫૦ વિરોધ, ૧ ચળવળ) જેવા બહુવિધ જૂથો દ્વારા આયોજિત પ્રતિ-વિરોધ. વેબસાઈટ એ પણ ઉમેરે છે કે વોશિંગ્ટનમાં કોઈ પ્રદર્શન થવાનું નક્કી કરવામાં આવ્યું નથી જેથી હેતુપૂર્વક તે દિવસે અમેરિકાની વાર્તા બીજે ક્યાંય બનાવી શકાય.

# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્લેનક્રેશ દુર્ઘટનાસ્થળની મુલાકાત લીધી - સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ઈજાગ્રસ્ત દર્દીઓને મળ્યા





-------
**વડાપ્રધાનશ્રીએ દર્દીઓની સ્વાસ્થ્યપૃચ્છા કરીને તેમના સ્વજનોને આ પરિસ્થિતિ સામે લડવાની હિંમત બંધાવી**
-------
**ઈજાગ્રસ્તોની સારવાર કરી રહેલા તબીબો પાસેથી દર્દીઓની હાલની સ્વાસ્થ્ય પરિસ્થિતિનો તાગ મેળવ્યો**
-------
**મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ – કેન્દ્ર અને રાજ્યના મંત્રીશ્રીઓ તથા વરિષ્ઠ સચિવો સાથે ઉચ્ચસ્તરીય બેઠક યોજી**

અમદાવાદ પ્લેનક્રેશ દુર્ઘટનાથી આખો દેશ સ્તબ્ધ છે ત્યારે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી આજે સવારે સમગ્ર પરિસ્થિતિનો ચિતાર મેળવવા અમદાવાદ આવી પહોંચ્યા હતા. અને પ્લેનક્રેશ દુર્ઘટનાસ્થળની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્લેનક્રેશ થવાને કારણે ક્ષતિગ્રસ્ત થયેલી મેડિકલ હોસ્ટેલ અને મેસ બિલ્ડિંગનું નિરીક્ષણ કર્યું હતું. આ મુલાકાતમાં વડાપ્રધાનશ્રીની સાથે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી શ્રી કિંજારાપ્પુ રામ મોહન નાયડુ, કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલ, કેન્દ્રીય રાજ્ય ઉડ્ડયન મંત્રી શ્રી મુરલીધર મોહોલ, ગુજરાતના નાગરિક ઉડ્ડયન મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત, ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, રાજ્યમંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા, મુખ્ય સચિવ શ્રી પંકજ જોશી, ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મનોજકુમાર દાસ, રાજ્ય પોલીસ વડા શ્રી વિકાસ સહાય સહિત વહીવટીતંત્રના ઉચ્ચ અધિકારીઓ



ઉપસ્થિત રહ્યા હતા.

પ્લેનક્રેશ દુર્ઘટનાસ્થળની મુલાકાત લઈને વડાપ્રધાનશ્રી અમદાવાદ સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા અને ત્યા સારવાર મેળવી રહેલા ઈજાગ્રસ્ત દર્દીઓની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન વડાપ્રધાન શ્રીએ દર્દીઓની સ્વાસ્થ્ય પૃચ્છા કરીને સ્વજનોને આ વિકટ પરિસ્થિતિનો સામનો કરવા હિંમત બંધાવી હતી. આ દુર્ઘટનામાં ઈજાગ્રસ્ત થયેલા તબીબો અને હેલ્થકેર વર્કર્સની મુલાકાત પણ વડાપ્રધાનશ્રીએ લીધી હતી. અને ઈજાગ્રસ્તોની સારવાર કરી રહેલા તબીબો પાસેથી દર્દીઓની હાલની સ્વાસ્થ્ય પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ સ્થળોની મુલાકાત લઈને નિરીક્ષણ કર્યા પછી અમદાવાદમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તથા કેન્દ્ર અને રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ અને વરિષ્ઠ સચિવશ્રીઓ સાથે ઉચ્ચસ્તરીય બેઠક પણ યોજી હતી.

# અમદાવાદમાં પ્લેન દુર્ઘટનામાં જીવ ગુમાવનાર આત્માઓની શાંતિ માટે બ્રહ્માકુમારીઝ દ્વારા આપવામાં આવી શ્રદ્ધાંજલિ.



- શાંતિવન, આબુરોડ ખાતે દુર્ઘટનામાં મૃત પામેલ અને ઘવાયેલ સૌ આત્માઓની શાંતિ, શક્તિ અને કલ્યાણ માટે ૨ કલાકની વિશેષ રાજયોગ તપસ્યા કરાઇ.
વિશ્વ અને ગુજરાતના સર્વ સેવાકેન્દ્ર પર પણ અપાઈ મૌન શ્રદ્ધાંજલિ.
- બ્રહ્માકુમારીઝના પ્રથમ મુખ્ય પ્રશાસિકા માતેશ્વરી જગદંબા સરસ્વતીજી કહેતા કે હર ઘડી કો અંતિમ ઘડી સમજો

માનવ માત્ર એ આ સૃષ્ટિ નાટકમાં પોતાનો શ્રેષ્ઠ પાઠ ભજવી આખરે આત્માએ પોતાનું નશ્વર શરીર છોડવાનું જ હોય છે ત્યારે માનવ સેવા, શ્રેષ્ઠ કર્મ અને પવિત્ર જીવન દ્વારા પોતાના જીવનમાં પ્રભુ પ્રેમ મય રહેવાનો અમદાવાદની દુર્ઘટના બોધ આપી જાય છે .ત્યારે અધ્યાત્મ જીવનશૈલી સમયની અનિવાર્યતા છે આ શબ્દો આબુ શાંતિવન ખાતે આત્મશાંતિ માટે યોજાયેલ રાજયોગ સમારંભમાં મોહિની દાદીજી એ પોતાના શ્રદ્ધાંજલિ શબ્દોમાં જણાવેલ.

બ્રહ્માકુમારી મીડિયા સંયોજક શશીકાંત ત્રિવેદી અને ભરત શાહના જણાવ્યા અનુસાર આજે મુખ્યાલય આબુ શાંતિવન ખાતે આત્મા શાંતિ માટે યોજાયેલ ૨ કલાકની રાજયોગ સાધના દ્વારા મૌન શ્રદ્ધાંજલિ આપવામાં આવેલ. સમગ્ર વિશ્વ અને ગુજરાતના ૫૦૦ સેવા કેન્દ્ર પર દ્વારા પણ હજારો બ્રહ્માકુમાર ભાઈ બહેનો દ્વારા આજે સવારના જ્ઞાન યોગના મુરલી કલાસમાં ભાવભીની શ્રદ્ધાંજલિ અપાઈ. આત્માની શાંતિ માટે વિશેષ રાજયોગ કરવામાં આવેલ તથા જીવ ગુમાવનાર ના સગા સંબંધીઓને આ કારમો ઘા સહન કરવાની શક્તિ પ્રદાન કરવા રાજયોગ તપસ્યા કરવામાં આવેલ. આ અચાનકની દુર્ઘટના જોતા ૨૪ જૂન ૧૯૬૫માં પોતાનો પાર્થિવ દેહ ત્યાગ કરનાર બ્રહ્માકુમારીઝના પ્રથમ મુખ્ય પ્રશાસિકા માતેશ્વરી જગદંબા સરસ્વતીજી - મમ્મા ના એ શબ્દો યાદ આવે છે કે હર ઘડી કો અંતિમ ઘડી સમજો અને તો જ આપણે સૌ વર્તમાન જીવનમાં રહીને પુણ્ય ના સારા કર્મો કરતા રહીશું કે જેથી આવતો ભવ સુધારે.

# જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સાઈકલનું વિતરણ



રોટરી ક્લબ ઑફ મુંબઈ કાંદિવલી વેસ્ટ, પ્રસાદ ચિકિત્સા ગણેશપુરી, ગુરુદેવ સિદ્ધપીઠના એસએએસ ફાઉન્ડેશને સંયુક્ત રીતે તાનસા ઘાટીની શાળાના ૪૧ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સાઇકલોનું વિતરણ કરાયું હતું. રોટરી ક્લબ ઑફ મુંબઈ કાંદિવલી વેસ્ટના પ્રમુખ દેવસિંહજી શાહની, યજ્ઞેશ ભટ્ટ, દીપ્તિ સંઘવી, જસ્મિતા ભટ્ટ, પ્રસાદ ચિકિત્સા ગણેશપુરીના મિલિંદ નારગુંડ વગેરે મહાનુભવો હાજર રહ્યા હતા. આ સાઈકલો કાંદિવલી, બોરીવલી અને મુંબઈમાં અન્ય સ્થળેથી ભેગી કરાઈ હતી અને સમારકામ કરી નવી જેવી બનાવી દાનમાં આપવામાં આવી હતી.

# ધાનેરા પોલિસે ભાજણા ગામેથી એન ડી પી એસને લગત દવાનો જથ્થા સાથે એક ઈસમ ઝડપાયો

ગુરૂવારે ધાનેરા પોલિસ ઈસ્પેક્ટર એમ જે ચૌધરીને ખાનગી રાહે બાતમી મળેલ કે ભાજણા ગામે એક ઈસમ કરીયાણાની દુકાનમાં ગેરકાયદેસર કોઈપણ પ્રકારના લાયસન્સ વગર દવાનું તેમજ જે પ્રતિબંધીત છે તેવી દવાઓનું વેચાણ કરે છે. તેવી સચોટ માહિતી હોવાથી ધાનેરા પોલિસ ઈસ્પેક્ટર એમ જે ચૌધરીએ પોતાની ટીમના હેડ કોસ્ટેબલ દઝાભાઈ, ભીખાભાઈ, ખુમાભાઈ, વનરાજસિંહ, રમેશભાઈ તથા મહિલા પોલિસ ગોમતીબેનને બોલાવી જાણ કરીને તમામ પ્રકારની સરકારી વિધીવત કામગીરી કરીને સરકારી પંચો સાથે પોલિસની ટીમ ભાજણા ગામે પહાંચી હતી. બાતમી આધારીત જગ્યાએ પહાંચી જ્યાં દેવીદાન ભગવાનદાન ગઢવીની દેવલ કીરાણા સ્ટોર નામની દુકાન આવેલ ત્યાં પહાંચેલ અને પંચો સાથે આ દુકાનમાં તપાસ હાથ ધરતાં દુકાનમાં મહિપાલદાન દેવીદાન ભગવાનદાન ગઢવી બેઠેલ હતા. પોલિસે આ દુકાન તેમજ બાજુમાં રહેલ ઓરડીમાં તપાસ કરતાં કરીયાણાના સામાન સાથે સાથે અન્ય સામાન પણ જોવા મળેલ હતો. વધુ તપાસ કરતાં ત્યાં ઓરડીમાં લાકડાના કબાટ ખોલતા તેમાં મેડીકલને લગત દવાઓ જેમા ગોળીઓ અને બોટલ મળી આવેલ. જેમાં એનડીપીએસને લગત એન આર એક્ક્ષ અલ્પરાઝોલમ નામની પ્રતિબંધીત ગોળીઓના બે બોક્ષ જોવા મળ્યા હતા.

# ઈડરમાં ચોપડા અને નોટબુકનું વિતરણ...



ઈડર તાલુકાના ઉદ્યોગપતિ મુકેશભાઈ પ્રજાપતિ તથા જગદીશભાઈ પ્રજાપતિ દ્વારા પોશીના તાલુકાની દાંતિયા પ્રાથમિક શાળામાં ધોરણ ૧થી ૮ના કુલ ૪૯૬ બાળકોને વિષય પ્રમાણે ચોપડા અને નોટબુકનું મફત વિતરણ કરવામાં આવતા શાળા પરિવાર વતી મુખ્ય શીક્ષક રાકેશભાઈ પટેલે દાતાશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો.

# માણસામાં પ્રેમ પ્રકરણમાં પતિની હત્યા:પત્નીએ ઊંઘની દવા આપી પાવડાથી હુમલો કર્યો, પ્રેમી સાથે ધરપકડ

માણસા તાલુકાના સૌલૈયા ગામમાં એક પત્નીએ પ્રેમીની મદદથી પતિની હત્યા કરી છે. બનાસકાંઠાના ધનાણા ગામના વતની ભૂરાભાઈ ચૌહાણ (૩૮) છેલ્લા ૧૨ વર્ષથી સોલૈયા ગામમાં રહેતા હતા. તેમની પત્ની રમીલાબેન અને બે બાળકો છે.

મંગળવારે રાત્રે અઢી વાગ્યે ભૂરાભાઈના મોટાભાઈ જેહાભાઈને જાણ થઈ કે, તેમના ભાઈને મોઢામાંથી લોહી નીકળે છે. ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમે ભૂરાભાઈને મૃત જાહેર કર્યા હતા. મૃતદેહ ઓરડીમાં ખાટલા પર હતો. મોઢામાંથી લોહી નીકળેલું હતું અને જીભ બહાર આવેલી હતી. ગળા અને ખભા પર ઈજાના નિશાન હતા.તપાસમાં બહાર આવ્યું કે, રમીલાબેન છેલ્લા દોઢ વર્ષથી ધનાણા ગામના પ્રકાશ ગોહીલના સંપર્કમાં હતા. પ્રકાશે રમીલાને પત્ની તરીકે રાખવાનું વચન આપ્યું હતું. રમીલાએ પતિને પ્રકાશે આપેલી ઊંઘની દવા ખવડાવી. રાત્રે બાર વાગ્યે ઊંઘમાં રહેલા પતિના ગળા પર લોખંડના પાવડાથી હુમલો કર્યો હતો.

પીઆઈ પી.જે. ચુડાસમાના જણાવ્યા મુજબ, અગાઉ એક વખત રમીલાએ શાકમાં ઊંઘની દવા નાખી હતી. પરંતુ પતિએ શાક ન ખાતા તેમનો પ્લાન નિષ્ફળ ગયો હતો.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.